**નવી સેવા વર્ષ–૨૦૧૫–૧૬**
ડાયરેકટર જનરલ, હોમગાર્ડઝ, ગુજરાત રાજયના નિયંત્રણ હેઠળની જિલ્લા હોમગાર્ડઝ કચેરીઓ તથા તાલીમ કેન્દ્રો ખાતે જુનીયર કલાર્ક, વર્ગ–૩ ની જગ્યાઓ ઉભી કરવા અંગેની વહીવટી મંજૂરી આપવા બાબતે.

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
**ઠરાવ ક્રમાંકઃહગદ/૧૦૨૦૧૪/૧૭૬૫/ફ,**
સચિવાલય,ગાંધીનગર,
તારીખઃ–૧૬/૫/૨૦૧૫

**વંચાણે લીધા :–**

(૧) ડાયરેકટર જનરલશ્રી, હોમગાર્ડઝ, ગુજરાત રાજય, અમદાવાદના તા.૨૪/૧૧/૨૦૧૪ ના પત્રક્રમાંકઃ કજ/મકમ/૧૫૭૧/૩૪૭૬ થી ૩૪૮૦/૨૦૧૪, તા.૨૦/૧૨/૨૦૧૪ ના પત્રક્રમાંકઃકજ/ મકમ/૧૫૭૧/ ૩૮૫૨/૨૦૧૪ તથા તા.૨૧/૪/૨૦૧૫ ના પત્રક્રમાંકઃકજ/મકમ/૧૫૭૫/૯૦૫/ ૨૦૧૫

**ઠરાવ :–**

ડાયરેકટર જનરલ, હોમગાર્ડઝ, ગુજરાત રાજય, નિયંત્રણ હેઠળની જિલ્લા હોમગાર્ડઝ કચેરી ગાંધીનગર, ગોધરા, વડોદરા, સેન્ટ્રલ ટ્રેનિંગ ઈન્સ્ટીટયુટ, દાંતીવાડ–બનાસકાંઠા, જિલ્લા તાલીમ કેન્દ્ર, માધવનગર જિ.અમદાવાદ તથા જિલ્લા તાલીમ કેન્દ્ર જરોદ જિ.વડોદરા ખાતેની કચેરીઓની વહીવટી, મહેકમ, સ્ટોર્સ તેમજ માનદ હોમગાર્ડઝ સભ્યોને સબંધિત ભરતી, બદલી, તાલીમ સબંધિત કામગીરી ધ્યાને લઈ પ્રસ્તુત કચેરીઓ ખાતે એક એક એમ કુલ–૦૬ જુનીયર કલાર્ક, વર્ગ–૩ ની જગ્યાઓ સને ૨૦૧૫–૧૬ ની નવી સેવા તરીકે મંજુર કરવા અંગેની ઉકત ક્રમાંક(૧) માં દર્શાવેલ પત્ર અન્વયેની દરખાસ્ત વિચારણા હેઠળ હતી.

પ્રસ્તુત બાબતે કાળજીપૂર્વકની વિચારણાના અંતે ડાયરેકટર જનરલ, હોમગાર્ડઝ, ગુજરાત રાજય, નિયંત્રણ હેઠળની જિલ્લા હોમગાર્ડઝ કચેરી ગાંધીનગર, ગોધરા, વડોદરા, સેન્ટ્રલ ટ્રેનિંગ ઈન્સ્ટીટયુટ, દાંતીવાડ–બનાસકાંઠા, જિલ્લા તાલીમ કેન્દ્ર, માધવનગર જિ.અમદાવાદ તથા જિલ્લા તાલીમ કેન્દ્ર જરોદ જિ.વડોદરા ખાતે એક–એક એમ કુલ–૦૬ જુનીયર કલાર્ક, વર્ગ–૩ જગ્યાઓ રૂા.૫૨૦૦–૨૦૨૦૦ ગ્રેડ પે–૧૯૦૦/– ના પગાર ધોરણમાં નવી સેવા ૨૦૧૫–૧૬ માં અંદાજપત્રીય જોગવાઈ મુજબ રૂા.૫.૬૨ લાખના ખર્ચે મંજુર કરવા અંગે નીચેની શરતોને આધીન આથી સરકારશ્રીની વહીવટી મંજુરી આપવામાં આવે છે.

**શરતોઃ–**

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ ધ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો–વખત લાગુ પડતા ઠરાવો / પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
(૭) આ અંગેના થનાર ખર્ચ પેટે ૨૫ ટકા લેખે કેન્દ્ર સરકારનો હિસ્સો કેન્દ્ર સરકાર પાસેથી સમયસર મજરે મેળવવાની જવાબદારી ખાતાના વડાની રહેશે.
(૮) વર્ગ–૩ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઈ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણાં વિભાગના તા.૧૬/૨/૨૦૦૬ અને સામાન્ય વહીવટ વિભાગના તા.૪/૬/૨૦૦૯ ના ઠરાવથી અમલી બનેલ ફીકસ પગારની નીતિ અને તેમાં વખતો વખત થયેલ સુધારાઓની જોગવાઈઓ પ્રમાણે ભરવાની રહેશે.
(૯) જે તે જગ્યાઓના પગાર ધોરણો આર.ઓ.પી.–૨૦૦૯ પ્રમાણે છે કે કેમ તેની ખાતરી કરી લેવાની જવાબદારી ખાતાના વડાની રહેશે.
(૧૦) સીધી ભરતીથી નિમણુંક પામનાર ઉમેદવારને નિયમિત નિમણુંક મળ્યા બાદ નાણાં વિભાગના તા.૧૮/૩/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંકઃનપન/૨૦૦૩/ જીઓઆઈ/૧૦ (પા.ફા.) ની જોગવાઈ પ્રમાણે રાજય સરકાર ધ્વારા તા.૧/૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે.
(૧૧) આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે ખાતાના વડાએ જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.
(૧૨) આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અને નિયત ભરતી પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે.
(૧૩) કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/ લાયકાત ધરાવતા હોવા જોઈએ.
(૧૪) રાજય સરકાર ધ્વારા વખતોવખત નિયત કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.
(૧૫) આ નવી મંજૂર કરેલ જગ્યાઓ નાણાકીય વર્ષ ૨૦૧૫–૧૬ ના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતો વખત ચાલુ રાખવાની થાય તો ખાતાના વડાએ જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત મુદ્દત પૂરી થતા પહેલાંના એક માસ અગાઉ નાણાકીય સલાહકારશ્રીને રજૂ કરી જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.
(૧૬) પ્રસ્તુત જગ્યાઓ સીધી ભરતી/ બઢતીથી ભરવા પૂર્વે સરકારની મંજૂરી મેળવવાની રહેશે.

૨. આ અંગેનો ખર્ચ નીચેના સદરે ઉધારવામાં આવશે, અને તે હેઠળ ચાલુ વર્ષ ૨૦૧૫–૧૬ ના અંદાજપત્રમાં મંજૂર થયેલ ગ્રાન્ટમાંથી મેળવવાનો રહેશે.

| | | |
|---|---|---|
| (૧) | માંગણી ક્રમાંકઃ | ૪૬ |
| (૨) | મુખ્ય સદર | ૨૦૭૦–અન્ય વહીવટી સેવાઓ |
| (૩) | પેટા મુખ્ય સદર | ૦૦ |
| (૪) | ગૌણ સદર | ૧૦૭– ગૃહરક્ષક દળ |
| (૫) | પેટા સદર | ૦૧– ગૃહરક્ષક દળ |
| (૬) | ખર્ચનો પ્રકાર | ૭૫ ટકા પ્લાન, ૨૫ ટકા નોન પ્લાન |
| (૭) | ખર્ચનું હેડ ચાર્જેબલ | ૨૦૭૦ ૦૦ ૧૦૭ ૦૧ |
| (૮) | પ્લાન યોજના કોડ | ૧૧૪૫૨૫ |

૩.    આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર અ.મુ.સચિવશ્રી (નાણા) નાણા વિભાગની તા.૧૨/૫/૨૦૧૫ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(ઉમેશ શર્મા)**
સેકશન અધિકારી
ગૃહ વિભાગ

પ્રતિ,

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, (નાંણા),નાણાવિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૨) ડાયરેકટર જનરલશ્રી, હોમગાર્ડઝ,ગુજરાત રાજ્ય,શાહીબાગ,અમદાવાદ.
(૩) કમાન્ડન્ટશ્રી, સેન્ટ્રલ ટ્રેનિંગ ઈન્સ્ટીટયુટ, દાંતીવાડા, જિ.બનાસકાંઠા.
(૪) જિલ્લા કમાન્ડન્ટશ્રી, જિલ્લા હોમગાર્ડઝ કચેરી, ગાંધીનગર/વડોદરા/ગોધરા.
(૫) સેન્ટર કમાન્ડરશ્રી, જિલ્લા તાલીમ કેન્દ્ર, જરોદ, જિ.વડોદરા.
(૬) સેન્ટર કમાન્ડરશ્રી, જિલ્લા તાલીમ કેન્દ્ર, માધવનગર, જિ.અમદાવાદ.
(૭) એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ / રાજકોટ.
(૮) જિલ્લા તિજોરી અધિકારીશ્રી, પાલનપુર–બનાસકાંઠા/વડોદરા/અમદાવાદ/ગાંધીનગર/વડોદરા/ગોધરા.
(૯) નાણાં સલાહકારશ્રી(ગૃહ) નાણાં વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
(૧૦) બજેટ શાખા,ગૃહ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
(૧૧) શાખા સિલેકટ ફાઈલ.